# દેશમાં કોરોના મહાસંકટ : નવા ૨૫ હજારથી વધુ કેસ

## સંક્રમિતોનો આંકડો ૭.૬૭ લાખને પાર, મૃત્યુઆંક ૨૧ને વટાવી ગયો : મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨.૨૩ લાખે પહોંચી, બીજા નંબર પર રહેલા તમિલનાડુમાં ૧.૨૨ લાખથી વધુ કેસ

ન્યુ દિલ્હી,તા.૯

સમગ્ર દેશમાં કોરોના લોકડાઉન અનલોક-૨ના ૮મા દિવસે એટલે કે ગઈકાલે બુધવારે રેકોર્ડબ્રેક સમાન સૌથી વધારે ૨૫,૫૫૯ જેટલા કેસ સામે આવતાં સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને આટલા બધા કેસો કોઈ કોમ્યુનિટી સંક્રમણનો ખતરનાક તબક્કો તો નથી ને,. એવા સવાલો પણ થઈ રહ્યાં હતા. આજે ગુરૂવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાક દરમ્યાનના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. ૨૫ હજાર કરતાં વધારે કેસોની સાથે વધુ ૪૮૭ના મોત થયા હતા.તો બીજી તરફ દિલ્હીમાં રિકવરી રેટ ૭૪.૫૭%થી વધુ થઈ ગયો છે. દિલ્હી રાજયમાં કોરોનાના ૧ લાખ ૪ હજાર ૮૬૪ કેસ છે. જેમાંથી ૭૮ હજાર ૧૯૯ દર્દી સાજા થઈ ગયા છે.

ગઈકાલના ૨૫ હજાર કરતાં વધુ કેસ સાથે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૭ લાખ ૬૯ હજાર ૫૨ થઈ ગઈ છે. જો આ જ રીતે કેસો વધતા રહેશો તો બે જ દિવસમાં કેસોની સંખ્યા ૮ લાખ પર પહોંચી જશે. કુલ કેસોમાંથી ૨,૬૯,૭૮૯ એક્ટિવ કેસ એટલે કે સારવાર હેઠળના છે. તો બીજી તરફ અત્યાર સુધી ૪,૭૬,૩૭૮ દર્દીઓ સાજા થઈ ગયા છે.જે સારવાર હેઠળના એક્ટીવ કેસ કરતાં લગભગ ડબલ છે.

જ્યારે, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના આંકડા મુજબ, અત્યાર સુધી દેશમાં કોરોના વાયરસને કારણે ૨૧,૧૨૯ લોકોના મોત થઈ ગયા છે. આઈસીએમઆર-સંસ્થએ જણાવ્યું છે કે, ૮ જુલાઈ સુધી કોરોના વાયરસ માટે કુલ ૧,૦૭,૪૦,૮૩૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨,૬૭,૦૬૧ સેમ્પલના ટેસ્ટિંગ ગઈ કાલે બુધવારે કરવામાં આવ્યા હતા.

રાજધાની દિલ્હીમાં ૨૦૩૩ના કેસની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા ૧ લાખ ૪ હજાર ૮૬૪ થઈ ગઈ છે. જેમાંથી ૭૮ હજાર ૧૯૯ લોકો સાજા થઈ ગયા છે. હાલ ૨૩ હજાર ૪૫૨ એક્ટિ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૮ લોકોના મોત થઈ ગયા છે જેને કારણે હવે મૃત્યુઆંક ૩,૨૧૩ થઈ ગયો છે.

દરમ્યાન, દિલ્હીના કોમનવેલ્થ ગેમ્સ વિલેજમાં બનાવાયેલા કોવિડ કેર સેન્ટરમાં કોરોના દર્દીઓની સારવાર શરૂ કરાઈ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજ્યપાલ અનિલ બૈજલે બુધવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા ઝઉર ગામમાં બનાવાયેલા કોવિડ સેન્ટરને લોન્ચ કર્યુ હતું. તો આ તરફ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે ગુરુવાર સાંજે ૫ વાગ્યાથી રાજયના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉન લાગુ થઈ જશે. જો કે આ માત્ર ૭ દિવસ માટે જ રહેશે. જો જરૂર જણાશે તો તેને વધારવામાં આવશે. મધ્યપ્રદેશમાં વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં રાખતા ગૃહમંત્રી તથા સ્વાસ્થ્ય મંત્રી નરોત્તમ મિશ્રાએ બુધવારે જણાવ્યું કે, હવે રવિવારે આખા મધ્યપ્રદેશમાં ટોટલ લોકડાઉન રહેશે.

### ટ્રમ્પ બાદ બ્રાઝીલના રાષ્ટ્રપતિએ ભારતીય હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાની પ્રશંસા કરી

બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોએ હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાને લઈને વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, આ દવાની મદદથી કોરોનાને જલ્દી માત આપી દેશે. નોંધનીય છે કે અત્યાર સુધી સાબિત થયું નથી કે આ દવા કોરોનાની સારવાર માટે કેટલી મદદરૂપ થાય છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૨૨૫૭૪૯૭ | ૫૫૪૦૬૧ | ૬૬૯૨૧૩૯૧ |
| ભારત | ૭૯૧૦૦૧ | ૨૧૫૯૨ | ૪૯૩૪૮૪ |
| ગુજરાત | ૩૯૨૮૦ | ૨૦૧૦ | ૨૭૭૪૨ |
| ગાંધીનગર | ૯૧૪ | ૬૧ | ૫૮૯ |

# રાજ્યમાં કોરોના અનરાધાર, નવા ૮૬૧ કેસ

## કુલ સંક્રમિતોનો આંકડો ૩૯ હજારને પાર, રાજ્યમાં ૧૫નાં મોત : કુલ મૃતાંક ૨૦૧૦ : રાજ્યમાં પ્રથમવાર ૮૦૦થી વધુ કોરોનાના કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં કુદકેને ભુસકે કોરોના પોઝિટિવના કેસ રોજ નવા રેકોર્ડ સર કરી રહ્યું છે. આજે પ્રથમવાર ૨૪ કલાકમાં ૮૦૦ને પાર ૮૬૧ કેસ નોંધાયા છે.આ સાથે રાજ્યમાં કુલ સંક્રમીતોનો આંકડો ૩૯ હજારને પાર થઈ ૩૯૨૮૦ કોરોનાના કેસ નોંધાયા છે.આજે વધુ ૧૫ મોત કોરોનાને કારણે થતા કુલ મૃત્યુ આંક ૨૦૦૦ ને પાર થઈ ૨૦૧૦ થયો છે. રાજ્યમાં આજે ૪૨૯ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જ થવાનો આંકડો ૨૭૭૪૨ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ એક્ટિવ કેસ ૯૪૫૬ છે.જેમાં ૭૨ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૯૪૫૬ સ્ટેબલ છે.રાજ્યમાં સતત કોરોના વાયરસ પોતાનો પ્રકોપ સાર્વત્રિક રીતે બતાવી રહ્યો છે.જેને આરોગ્યતંત્રની ઊંઘ હરામ કરી મુકી છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૮૨૮ લોકોના ટેસ્ટ કરાતા ૮૬૧ જેટલા રર્કોડ બ્રેક કોરોનાના દર્દી નોંધાયા છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ દર્દીઓના કોવિડ-૧૯ ને કારણે મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનના ૫,સુરત કોર્પોરેશનના ૪, સુરતના ૨,અરવલ્લી, પાટણ અને બનાસકાંઠા અને ભરુચમા ૧-૧ મૃત્યુ નોંધાયા છે.અમદાવાદ શહેરમાં ૧૫૩ અને ગ્રામ્યમાં ૯ સાથે કુલ ૧૬૨ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે.આ સાથે અમદાવાદ શહેરમાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૨૫૮૦ થયો છે અને પાંચના મોત સાથે ૧૫૦૬ કુલ મૃત્યુઆંક થયો છે. સુરતમાં આજે પ્રથમ વાર કોરોનાનો આંકડો ૩૦૦ને પાર ગયો છે. સુરત શહેરમાં ૨૧૨ અને ગ્રામ્યમાં ૯૫ સાથે કુલ ૩૦૭ કેસ સામે આવ્યા છે. સુરતમાં કુલ સંક્રમિતોનો આંકડો ૭૦૩૮ થયો છે. આજે વધુ ૭ મોત સાથે મૃત્યુઆંક ૨૦૨ થયો છે. વડોદરા શહેરમાં ૪૩ અને ગ્રામ્યમાં ૨૫ સાથે ૬૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોનો આંકડો ૨૮૩૬ થયો છે. ગાંધીનગરમાં આજે ૨૪ અને ગ્રામ્યમાં ૮ કેસ સાથે કુલ કેસ ૩૨ થયા છે જ્યારે સંક્રમિતોનો કુલ આંકડો ૮૦૫ થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪ લાખ ૪૧ હજાર ૬૯૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૨૯૮૭૩૮ લોકોને ક્વોરનટાઈન કરાયા છે જે પૈકી ૨૯૫૭૪૯ હોમ ક્વોરનટાઈન અને ૨૯૮૯ ફેસિલીટી ક્વોરનટાઈનમાં રખાયા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૫૮૦ | ૧૫૦૭ | ૧૭૫૦૨ |
| સુરત | ૭૦૩૮ | ૨૦૮ | ૪૩૮૯ |
| વડોદરા | ૨૮૩૬ | ૫૧ | ૨૦૩૬ |
| રાજકોટ | ૫૨૯ | ૧૬ | ૧૭૮ |
| ભાવનગર | ૪૩૬ | ૧૩ | ૨૦૦ |
| ગાંધીનગર | ૭૯૫ | ૩૩ | ૫૮૯ |
| કચ્છ | ૨૨૪ | ૦૬ | ૧૨૫ |
| મહેસાણા | ૩૮૬ | ૧૩ | ૧૭૬ |
| ગીર-સોમનાથ | ૧૦૭ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૨ | ૦૨ | ૧૭ |
| પંચમહાલ | ૨૨૪ | ૧૬ | ૧૬૪ |
| પાટણ | ૨૬૩ | ૧૮ | ૧૫૩ |
| છોટાઉદેપુર | ૭૧ | ૦૨ | ૫૨ |
| જામનગર | ૩૦૯ | ૦૮ | ૧૫૮ |
| મોરબી | ૫૫ | ૦૩ | ૨૨ |
| સાબરકાંઠા | ૨૩૦ | ૦૮ | ૧૪૪ |
| આણંદ | ૨૭૨ | ૧૩ | ૨૨૭ |
| દાહોદ | ૧૧૬ | ૦૧ | ૫૧ |
| ભરૂચ | ૩૭૪ | ૧૧ | ૧૮૩ |
| બનાસકાંઠા | ૨૯૭ | ૧૪ | ૧૮૭ |
| ખેડા | ૨૫૭ | ૧૩ | ૧૫૯ |
| બોટાદ | ૧૧૨ | ૦૩ | ૭૩ |
| નર્મદા | ૧૦૧ | ૦૦ | ૮૮ |
| અરવલ્લી | ૨૪૦ | ૨૩ | ૧૯૯ |
| મહીસાગર | ૧૬૫ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૧૯૬ | ૦૨ | ૯૩ |
| તાપી | ૩૭ | ૦૦ | ૦૯ |
| વલસાડ | ૩૦૫ | ૦૫ | ૯૯ |
| જૂનાગઢ | ૨૨૮ | ૦૪ | ૭૦ |
| સુરેન્દ્રનગર | ૨૩૭ | ૦૮ | ૧૧૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૦૩ | ૨૧ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૨૬ | ૦૯ | ૭૫ |
| કુલ | ૩૯૨૮૦ | ૨૦૧૦ | ૨૭૭૪૨ |

# લાઈફ સેવિંગ ઈન્જેક્શન બ્લેક માર્કેટમાં ૩ ગણા ભાવે વેચાયા

## કોરોનામાં લાઈફ સેવિંગ ઈન્જેક્શનમાં ધૂમ નફાખોરી : કેમિસ્ટને પણ આ ઈન્જેક્શન મળતા ન હોઈ તેઓ પણ દર્દીઓના સગાઓની સામે લાચાર બની જતાં હોય છે

અમદાવાદ, તા. ૯

દેશ અને દુનિયાભરમાં કોરોનાનો વ્યાપ સતત વધતો જઈ રહ્યો છે. હજુ સુધી તેની કોઈ રસી શોધાઈ નથી પરંતુ કોરોનાના દર્દીઓ માટે લાઈફ સેવીંગ કહી શકાય તેવા ઈન્જેક્શન ટોસીલીઝૂમેબ તથા રેમેડિસીવીર ચોક્કસ બજારમાં ઉપલબ્ધ છે. હવે તંત્રની નિષ્ફળતા ગણાય કે મેડિકલ માફિયાઓની મોનોપોલી. આ ઈંજેક્શન તમને બજારમાં મળશે જ નહીં. જો ઈન્જેક્શન લેવું હોય તો કાળાબજારિયાઓ પાસે ત્રણથી ચાર ગણી કિંમત આપીને ખરીદ્યા વગર તમારે છૂટકો જ નથી. હવે આ લાઈફ સેવિંગ ઈન્જેક્શન સીધા ડ્રગ વિભાગ દ્વારા જે તે હોસ્પિટલ અને સેન્ટર પર ફાળવવામાં આવે છે તો તેના કાળા બજાર કેવી રીતે શક્ય બન્યા તે જ મોટો પ્રશ્ન છે. કોરોનાનો શિકાર બનેલા દર્દી જ્યારે ક્રિટિકલ પરિસ્થિતિમાં મુકાતો હોય છે ત્યારે તેને ટોસીલીઝૂમેબ તથા રેમેડિસીવીરનો ડોઝ આપવાથી તેની બચવાની સંભાવના ઘણી બધી વધી જતી હોય છે.જેને કારણે જે તે દર્દીને સારવાર આપતા તબીબો આ ઈંજેક્શન લાવવા માટે તેનાં સ્વજનને લખી આપતા હોય છે. હવે પોતાના સ્વજનો જીવ બચાવવા માટે પરિવારજનો પૈસા ખર્ચવાની તૈયારી હોવા છતાં આ લાઈફ સેવિંગ ઈન્જેક્શન મેળવી શકતા નથી.

અમદાવાદ કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ યોગેશ પટેલના જણાવ્યા મુજબ લાઈફ સેવીંગ ઈન્જેક્શન અમદાવાદમાં તથા ગુજરાતમાં જેટલા ની જરૂર હોય છે તેના પાંચમા ભાગના માંડ આવતા હોય છે.જેને કારણે તેની સીધી ફાળવણી ડ્રગ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. યોગેશભાઈ ને ફરિયાદ છે કે ખુદ કેમિસ્ટ એસોસિયનના સભ્યોને પણ જો આ ઈંજેક્શન ની જરૂર હોય તો તેમને તે ઈન્જેક્શન મળી જશે તેની ખાતરી આપી શકાતી નથી. હવે આ પરિસ્થિતિની બીજી બાજુ એવી પણ છે કે જે પ્રાઈવેટ હોસ્પિટલમાં લાખો રૂપિયા આપીને માલેતુજાર દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તેમને આ લાઈફ સેવિંગ ઈન્જેક્શન સરળતાથી મળી જાય છે જોકે તે ઈન્જેક્શન કેટલા રૂપિયામાં મળ્યું તેની કોઈ ગણતરી હોતી નથી. જો કોઈ દર્દીના સ્વજન ઈન્જેક્શન લેવા નીકળે તો તેમણે મેડિકલ સ્ટોર અને ડ્રગ ડેપોના ધક્કા ખાધા બાદ જો કોઈ ની લીંક દ્વારા કાળાબજારિયા નો સંપર્ક થઈ જાય તો તેમને આ ઈંજેક્શન ત્રણ - ચાર ગણા ભાવે મળી શકે છે. જો કે એક તરફ આ મહામારીમાં હોસ્પિટલો અને કોરોના ની ગાઈડલાઈન નું ઉલ્લંઘન કરનાર લોકોને દંડ કરવામાં આવી રહ્યા છે તો આ લોકોની જિંદગી સાથે રમત કરતા કાળાબજારિયાઓ સામે ક્યારેય પગલાં લેવાશે? તેને લઈને કેમિસ્ટ અને તબીબોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જે રીતે કોરોના માં લાઈફ સેવિંગ ઈન્જેક્શન ટોસીલીઝૂમેબના કાળા બજાર થઈ રહ્યા છે તેમાં સામાન્ય દર્દીઓ તો ઠીક પરંતુ મેડિકલ સ્ટોર ધારકો પણ પરેશાન છે. કેમિસ્ટ એસોસિએશનના હોદ્દેદારો ના જણાવ્યા મુજબ તાજેતરમાં જ એક કેમિસ્ટને ટોસીલીઝૂમેબની જરૂર હતી તેણે બજારભાવે ઈન્જેક્શન મળી જાય તેના માટે ખૂબ જ વલખાં માર્યા પરંતુ તેને તે ઈન્જેક્શન મળ્યું ન હતું.

આખરે તેણે એક કાળાબજારિયા પાસેથી ઈન્જેક્શનના જે બજાર કિંમત ૩૩ કે ૩૪ હજાર રૂપિયા છે તેના બદલે ૯૦ હજાર રૂપિયા આપીને ખરીદવું પડ્યું હતું. કોરોનાની મહામારી વચ્ચે દવાકંપનીઓ લાઈફ સેવિંગ ઈન્જેક્શન ટોસીલીઝૂમેબ તથા રેમેડિસીવીરનો સ્ટોક જરૂર પ્રમાણમાં પૂરો પાડી શકતી નથી. જેને કારણે સામાન્ય દર્દીઓ તો ઠીક પરંતુ મેડિકલ સ્ટોર ધારકોને પણ આ દવા માટે વલખા મારવા પડે છે. દવાનો સપ્લાય ડ્રગ ડિપાર્ટમેન્ટ દ્વારા સીધો જ કરવામાં આવતું હોવાના દાવા થઈ રહ્યા છે પરંતુ આ દવા હજુ સુધી બજારમાં સરળતાથી નથી મળતી તે વાસ્તવિકતા છે.

### વધુ ૨૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાલુજીના મુવાડા ગામેથી એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જે એપેન્ડીક્ષનું ઓપરેશન માટે ગયો હતો અને ઓપરેશન પૂર્વે ટેસ્ટ કરાતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

નાના ચિલોડામાંથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો પેથાપુરમાંથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પોર ગામેથી એક ૮૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે અંગે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત ભાટ ગામેથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચિલોડામાંથી ગઈકાલે મોડી સાંજે ૩ દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

કલોલમાંથી આજે સાત દર્દી મળી આવ્યા છે. જેમાં અર્બન વિસ્તારના ૩ દર્દી મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણા, વડસર અને ધમાસણામાંથી દર્દીઓ મળ્યા છે. બોરીસણામાંથી બે દર્દી મળી આવ્યા છે. કલોલ શહેર ઉપરાંત કલોલ જીઆઈડીસી અને તેની આસપાસના ગ્રામ્યવિસ્તારોમંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

માણસા તાલુકામાંથી પણ આજે ૪ કેસ મળી આવ્યા છે. મોતીપુરા-વેડામાંથી મળી આવેલ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાનું જાણવા મળેલ છે.

દહેગામમાંથી પણ આજે વધુ ૪ કેસ મળ્યા છે. આ ૪ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૪ કેસમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે. તંત્ર દ્વારા મળી આવેલા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૩૨ જેટલા દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં હાલ ૧૮,૮૧૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં ૧૮,૭૬૯ લોકો હોમ ક્વોરોન્ટાઈનમાં, ૨૦ સરકારી ફેસીલીટીમાં, તો ૨૪ લોકો પ્રાઈવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

ગાંધીનગર અને કલોલના ગ્રામ્ય વિસ્તારોમાં વધતા જતા કેસોએ તંત્રને દોડતુ કરી દીધુ છે. ગાંધીનગરમાં પણ વિકસી રહેલ સેમી અર્બન વિલેજીસમાં કેસો વધી રહ્યા છે. કલોલમાં પણ સેમી અર્બન વિલેજીસમાં કેસો મળી રહ્યાં છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને પગલે સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

### ૮ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

સે. ૨૪ માંથી આજે વધુ બે દર્દી તંત્રને મળ્યા છે. ઘરે બેસી એકાઉન્ટનું કામ કરતા એક ૨૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શ્રીનગરમાં રહેતા આ દર્દીને તંત્રએ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સે. ૨૪ના કેટેગરી ક્વાર્ટરમાં રહેતા અને અમદાવાદ સિવિલમાં બ્રધર તરીકે નોકરી કરતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પુંધરા નજીક આવેલ વાડીલાલની ફેક્ટરીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા અને સે. ૧ માં રહેતા એક ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

એસ.બી.આઈ.માં માણસા ખાતેની બ્રાન્ચમાં નોકરી કરતી એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ સે. ૨-બી માં રહે છે અને તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપી છે. આ મહિલા દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માંથી પણ તંત્રને આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૬ એ ગાંધીનગર જીઆઈડીસીની નજીક વિકસેલુ સેક્ટર છે. અહિથી બે કેસ મળતાં તંત્ર ચોકન્ન થયુ છે. આ સેક્ટરમાં સઘન સર્વેલન્સના આદેશ પણ આપ્યા છે.

આઈ.ટી. એન્જીનીયર તરીકે સેવા આપતા અને કિસાનનગરમાં રહેતા એક ૩૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ ૧૦ દિવસ પહેલાં નડિયાદની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. હાલ તે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ કિસાનનગરમાં રહેતી એક ૪૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તેણીનીને મંજૂરી આપી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગૃહીણીના પતિ એક સરકારી કચેરીમાં નોકરી કરી રહ્યા છે. તેણીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે મળી આવેલા ૮ દર્દીઓમાંથી એક દર્દી અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે બે મહિલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જ્યારે પાંચ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા આજે મળી આવેલ દર્દીઓના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સેનીટાઈઝેશન કરવા ઉપરાંત સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી છે. આ ઉપરાંત આ સેક્ટરોમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ જાહેર કર્યા છે.

### રોપવા અપીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતક્ષેત્રના નાગરિકો આ વર્ષે પણ ગાંધીનગર લોકસભા ક્ષેત્રને વધુ હરિયાળું બનાવવા સક્રિય ભૂમિકા ભજવી મોટી માત્રામાં વૃક્ષારોપણ કરી, વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની વ્યવસ્થા સુનિશ્ચિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા કેન્દ્રીય મંત્રી અમિત શાહે અપીલ કરી છે.

### માર્ગ સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનુ કામ થોડા દિવસો પુર્વે જ તંત્રએ હાથ ધર્યુ હતુ. પરંતુ હાલ માર્ગ સુધારણાની કામગીરી થઈ શકે તેમ નથી જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં પણ લોકડાઉનના લીધે માર્ગ સુધારણાની કામગીરી બંધ હતી જયારે હવે આગામી સપ્ટેમ્બર મહીનાથી જ રસ્તાઓના કામને વેગ મળશે વરસાદી દિવસો દરમિયાન આમ પણ માર્ગ સુધારણાની કામગીરી બંધ રહેશે. ચોમાસા બાદ સર્વેના અંતે માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરાશે.

### રંગ-ઉમંગ (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

ઘરના વડિલોના જીવનના અનુભવો જાણે અને સારી બાબતો માટે ગૌરવ અનુભવે તેમજ તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે - ઘરમાં થતાં મતભેદો વખતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે નમ્રતાથી જણાવે - પોતાની આસપાસ થતા ઝગડાંઓથી દૂર રહે - અન્યની સેવા કરે તેમ જ પોતાના પૈસાથી દાન કરે - પોતાના વારસાનું જતન કરે અને ગૌરવ અનુભવે - પોતાની જવાબદારી પૂરી કરે - પોતે કરેલ કામની જવાબદારી સ્વીકારે, બીજા પર આરોપ ન મૂકે - અન્યને સારું લગાડવા માટે નહીં, પણ પોતાની ફરજના ભાગરૂપે કામ કરે - મુખ્ય વ્યક્તિની ગેરહાજરીમાં પણ પોતાની જવાબદારી નિભાવે - ઘરમાં બનેલ કોઈ બનાવનો વિરોધ કરવા જેવો લાગે તો યોગ્ય રીતે વિરોધ કરે - ઘરમાં કોઈએ સારું કામ કર્યુ હોય તો તેને અભિનંદન આપે, પોતાના દરેક કામ જાતે કરે. વગેરે. ઉપરાંત ઘર બહાર પણ કેટલીક પ્રવૃત્તિઓ કરે. જેમકે, - સમાજમાં જોવા મળતી નકારાત્મક બાબતોથી દૂર રહે અને શક્ય હોય ત્યાં વિરોધ કરે - સમાજમાં બનતી હકારાત્મક બાબતોને અપનાવે - સમાજમાં અન્ય દ્વારા થતાં સારાં કામને બિરદાવે કે પત્ર લખે - જાહેર મિલકતને સાચવે - જાહેર સેવાનો દૂરોપયોગ ના કરે - સાંસ્કૃતિક કાર્યોમાં ભાગ લે - સામાજિક કાર્યોમાં જોડાય - લોકઝુંબેશના કાર્યોની માહિતી મેળવે અને જરૂર લાગે ત્યાં જોડાય - પારકી વસ્તુ પર પોતાનો હક્ક ન જમાવે - અન્ય બિનપરિચિત વ્યક્તિ સાથે અનુકૂળતા સાથે તેમજ નમ્રતાભર્યુ વર્તન કરે - પરિવાર જેવું વર્તન પડોશમાં પણ કરે - પોતાનાથી મોટાને માન આપે અને નાનાને માર્ગર્શન આપે - બીજાનો પણ વિચાર કરે - સામાજિક સંસ્થાઓની અવારનવાર મુલાકાત લે... કુદરતી આપત્તિ વખતે લોકોને મદદ કરવા ઘરના સભ્યોને સમજાવે અને પોતે પણ મદદ કરે - નિયમોનો ભંગ કરનારને રોકે - નિયમોનું ચુસ્ત રીતે પાલન કરે વગેરે.

**ઘરમાં રહો - સુરક્ષિત રહો**
**સાવચેત રહો - સુરક્ષિત રહો**